શ્રી ગોર-વાળાભાઈ

1

**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ - સામાન્ય પ્રવાહ - શિક્ષકોનું પ્રમાણ અને સંખ્યા**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૮-૨-૧૯૮૦

**વંચાણમાં લીધા :-**

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો તા.૨૮-૧૦-૭૫ અને તા.૨-૬-૭૬ નો ઠરાવ નં.ઇડીએસ-૯૧૭૫-૧૬૨૦૫-બી
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯-૫-૭૮ નો ઠરાવ તથા તા.૧-૭-૭૮ નો સુધારા નં. ઇડીએસ- ૯૧૭૭-૫૦૨૩૧-ગ
(૩) શિક્ષણ વિભાગનો તા.૬-૮-૭૯ નો ઠરાવ નં. સમશ-૯૧૭૯-૫૨૨૨૬-ગ.૧
(૪) સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ વત્તા ૨ ખાસ ઘટકનો તા.૨૭-૭-૭૭ નો પરિપત્ર નં. એનઇપી-સે.સેલ-૧૦ વત્તા ૨ ટેક.
(૫) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૨૫-૧-૭૯ નો પત્રાંક : ઉમબ-ઉમશ-અભક-૭૮-૭૯-ખ-૧૯૩૮૫

**ઠ રા વ ::-**

ઉપર્યુકત તા.૨૮-૧૦-૭૫ ના ઠરાવથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો માટે વર્ગદીઠ બે શિક્ષકોનું પ્રમાણ ઠરાવેલું છે. ઉચ્ચતર માધ્યમિકના સામાન્ય પ્રવાહના વિષય માળખાના સંદર્ભમાં તે પ્રમાણ સુધારવાના પ્રશ્ન અંગે સરકારે પુખ્ત વિચારણા બાદ ઠરાવ્યું છે કે નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકોની સંખ્યા રહેશે.

ધોરણ ૧૧ અથવા ૧૨ નો એક વર્ગ હોય તો કુલ ત્રણ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના બે વર્ગ હોય તો કુલ છ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના ત્રણ વર્ગ હોય તો કુલ આઠ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના ચાર વર્ગ હોય તો કુલ દસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના પાંચ વર્ગ હોય તો કુલ તેર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના છ વર્ગ હોય તો કુલ પંદર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના સાત વર્ગ હોય તો કુલ સત્તર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના આઠ વર્ગ હોય તો કુલ વીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના નવ વર્ગ હોય તો કુલ બાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના દસ વર્ગ હોય તો કુલ પચ્ચીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના અગિયાર વર્ગ હોય તો કુલ છવ્વીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના બાર વર્ગ હોય તો કુલ સત્તાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના તેર વર્ગ હોય તો કુલ અઠ્ઠાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ ૧૧ અથવા ૧૨ ના ચૌદ વર્ગ હોય તો કુલ ઓગણત્રીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)

ધોરણ ૧૧ અથવા ૧૨ ના પંદર વર્ગ હોય તો કુલ ત્રીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત) અને પંદર કરતાં વધારે વર્ગો હોય તો પંદરથી વધારાના પ્રત્યેક વર્ગ દીઠ બે શિક્ષકોનું પ્રમાણ રહેશે.

(૧) ઉપર્યુકત સંખ્યા મર્યાદા મુજબ વધારાના નવા શિક્ષકની નિમણૂક સને ૧૯૮૦-૮૧ ના શૈક્ષણિક વર્ષથી કરવાની રહેશે.

(૨) પ્રત્યેક શિક્ષકને અઠવાડીયાના વીસથી બાવીસ કલાકનું શિક્ષણ કાર્ય મળી રહેવું જોઇએ. ઓછા વર્ગો વાળી જે શાળામાં પ્રવર્તમાન ધોરણો મુજબ ગ્રંથપાલની જગા મળવાપાત્ર થતી ન હોય તો તેવી શાળામાં ઉદ્યોગ શિક્ષકને પુરેપુરો નિયત કાર્યબોજ ન મળી રહેતો હોય તો ત્યાં ઉદ્યોગ શિક્ષકને ગ્રંથપાલની કામગીરી સોંપી શકાશે.

(૩) ૧૯૭૬-૭૭ ના વર્ષ કે ત્યારબાદ નિમાયેલા ઉદ્યોગ શિક્ષકનો સમાવેશ ઉપર્યુકત શિક્ષક સંખ્યામાં એ શરતે થયેલો ગણવામાં આવશે કે તેમની ભરતી અને નિમણૂક માન્ય શૈક્ષણિક લાયકાતો અને જે તે વખતના ધારાધોરણ મુજબ નિયમોનુસાર કરવામાં આવી હોય. ઉપર્યુકત તા.૨૭-૭-૭૭ ના પરિપત્ર પછીની નિમણૂક તે પરિપત્રમાંની સૂચના મુજબ નિયમાનુસાર થઇ હશે તો તેનો સમાવેશ કરી શકાશે.

(૪) જે જે શાળામાં સામાન્ય પ્રવાહ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહ અને / અથવા ગૃહવિજ્ઞાન પ્રવાહ અસ્તિત્વમાં હોય ત્યાં સૌ પ્રથમ વિજ્ઞાન / ગૃહવિજ્ઞાન પ્રવાહના વર્ગો માટે નીમેલા શિક્ષકોનો કાર્યબોજ ધ્યાનમાં રાખીને શાળામાં ઉપલબ્ધ શિક્ષકો પૈકી જેઓ ઉપર્યુકત તા.૨૮-૧૦-૭૫ ના ઠરાવ અને ૨૭-૭-૭૭ ના પરિપત્રમાં જણાવેલ શૈક્ષણિક તથા ધંધાકીય લાયકાતો તથા તાલીમનો અનુભવ ધરાવતા હોય તેમની વચ્ચે તાસની યોગ્ય ગોઠવણ કરવાની રહેશે. તેમ કર્યા બાદ વધારાના તાસ કે કાર્યબોજ માટે પૂરા

સમયના શિક્ષકની જરુરીયાત પ્રસ્થાપિત થતી હોય તો જ આ ઠરાવ નિયત કરેલ પ્રમાણ મુજબ નવી જગ્યાઓ ઉપસ્થિત કરી શકાશે.

(૫) વ્યવસાયલક્ષી ઉદ્યોગ શિક્ષક માટે વર્કશોપની જરુરી ભૌતિક સગવડો પૂરતા પ્રમાણમાં ઉભી કરવામાં આવી હશે, તે સંસ્થાઓમાં જે તે ઉદ્યોગના પ્રાયોગિક અને સૈધ્ધાંતિક તાસ કુલ તાસમાં કે નિયત કાર્યબોજના કલાકોમાં ગણતરીમાં લેવામાં આવશે. પ્રાયોગિક કામ માટે પ્રત્યેક બેચ ઓછામાં ઓછા વીસ (૨૦) વિદ્યાર્થીઓની હોવી જોઇએ.

(૬) વર્ગદીઠ નિયત કરેલી વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યાના વિદ્યાર્થી દાખલ કર્યા પછી બીજો વર્ગ જરુરી સંખ્યામાં વિદ્યાર્થી મળી રહેતા હોય તો જ શરુ કરી શકાશે.

(૭) સામાન્ય પ્રવાહના વિષય માળખામાં વિષય જુથ નં. (૩) માંથી ઓછામાં ઓછા બે વિષયો અને વિષય જુથ નં. (૫) માંથી ઓછામાં ઓછા ચાર વિષયોના શિક્ષણની જોગવાઇ અવશ્ય કરવાની રહેશે.

(૮) શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટેની શાળામાં ધોરણ ૧૧ કે ૧૨ ના પ્રત્યેક વર્ગ માટે ઓછામાં ઓછી સરાસરી હાજરી અનુક્રમે ૪૦ અને ૩૦ ની હોવી જોઇશે.

૨/- છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે પચાસ હજાર (૫૦,૦૦૦) ની વસ્તી વાળા ગામ સંસ્થાને સરાસરી હાજરીમાં પડતી તૂટ કે આંટ ગ્રાન્ટના હેતુ માટે માફ કરવાનો પ્રશ્ન ફકત ૫,૦૦૦ (પાંચ હજાર) સુધીની વસ્તી વાળા સ્થળ / ગામની શાળા પૂરતો જ ૧૦ વત્તા ૨ ખાસ ઘટક દ્વારા વિચારણામાં લેવાશે, જયારે આદિવાસી વિસ્તારની શાળાઓ બાબતમાં સરાસરી હાજરીની આંટ દૂર કરવાનો પ્રશ્ન વસ્તીના ધોરણ વગર (પણ તેવી શાળાના સ્થળની આજુબાજુમાં ઓછામાં ઓછા ૧૫ કિ.મી. ના અંતરે એવી બીજી શાળા ન હોય તો) ૧૦ વત્તા ૨ ખાસ ઘટક દ્વારા વિચારણામાં લેવાશે. આદિવાસી અથવા ગ્રામ્ય વિસ્તારની શાળાના સામાન્ય પ્રવાહના ધોરણ ૧૧-૧૨ ની સરાસરી હાજરી પૂરી કરવા માટેની જરુરી વિદ્યાર્થી સંખ્યામાં જ તૂટ પડતી હોય તો વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓની સંખ્યા સુધીની તૂટ કે તફાવતના કિસ્સા અંગે ૧૦ વત્તા ૨ ખાસ ઘટકે પ્રતયેક કેસના ગુણદોષ તપાસીને યોગ્ય નિર્ણય આપવાનો રહેશે.

૩/- સામાન્ય પ્રવાહના વિષય માળખામાં વ્યવસાયલક્ષી ઉદ્યોગ વિષય વિકલ્પ તરીકેનો વિષય ક્ષેત્રીય અનુભવ અને સમાજસેવા પ્રવૃતિ આગામી શૈક્ષણિક વર્ષથી રદ થયેલો ગણવામાં આવે છે. તદનુસાર ઉપર્યુકત તા.૧૯-૫-૭૮ ના ઠરાવમાં તે મતલબનો સુધારો થયેલો ગણાશે.

૪/- આ અંગેનો ખર્ચ બિનસરકારી માધ્યમિક શાળાઓ સંબંધમાં અંદાજપત્રકના સદર ૨૭૭-શિક્ષણ-ઘ-માધ્યમિક શિક્ષણ (ગ) બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાયે હેઠળ અને સરકારી માધ્યમિક શાળાઓ સંબંધમાં ૨૭૭-શિક્ષણ-ખ-માધ્યમિક શિક્ષણ (ખ) સરકારી માધ્યમિક શાળાઓ હેઠળ ઉધારવો અને તેની હેઠળ થનાર જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૫/- આ વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી અને નાણાં વિભાગે અનુક્રમે તા. ૩૦-૧૧-૭૯ અને તા. ૧૩-૧૨-૭૯ ના રોજ આપેલ સંમતિ બાદ આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

**(વી.આર.રાણા)**

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ